# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-03-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## જળ જીવન અભિયાન-2028 સુધી લંબાવાશે:

**કેન્દ્રીય મંત્રીમંડળે જળજીવન અભિયાનને ડિસેમ્બર 2028 સુધી લંબાવવા મંજૂરી આપી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં પત્રકારોને આ અંગે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં જળશક્તિ મંત્રાલયના આ પ્રસ્તાવને મંજૂરી અપાઈ છે.**

**આ સાથે જ મંત્રીમંડળે એક સમાન રાષ્ટ્રીય ડિજિટલ માળખા, સુજલામ્ ભારતની સ્થાપનાને પણ મંજૂરી આપી છે. તે અંતર્ગત દરેક ગામને એક વિશેષ સુજલ ગામ / સેવા ક્ષેત્ર ઓળખપત્ર અપાશે. તેનાથી સ્ત્રોતથી નળ સુધી પીવાના પાણીનો પૂરવઠા પ્રણાલિનો ડિજિટલ નકશો બનાવાશે. મંત્રીમંડળે કુલ 6 જેટલા કામને મંજૂરી આપી હોવાનું શ્રી વૈષ્ણવે જણાવ્યુ.**

**------------------------------------------------------------------------------------------------**

## રાજ્યની  શાળાઓ ફી નિયમોનું ઉલ્લંઘન કરે તો દંડ :

**રાજ્યની કોઈપણ શાળા ફી નિયમોનું ઉલ્લંઘન કરે અથવા વાલીઓ તરફથી ફરિયાદ મળે તો ફી રેગ્યુલેટરી કમિટી-FRC દ્વારા ખૂબ જ કડક કાર્યવાહી કરવામાં આવે છે. જેમાં પ્રથમ વાર ફરિયાદ મળે તો રૂ. ૫ લાખ સુધીનો દંડ, બીજી વાર રૂ. ૧૦ લાખ સુધીનો દંડ અને જો ત્રીજી વાર ફરિયાદ મળે તો શાળાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ફી નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૦થી વધુ શાળાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, તેમ શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી રિવાબા જાડેજાએ વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા જણાવ્યું હતું. જ્યારે**

**'પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ આવાસ ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત દેશમાં પ્રથમ નંબરે હોવાનું શહેરી વિકાસ-શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈએ આ અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપ્યો હતો. રાજ્ય સરકારે આ યોજનામાં મંજૂર કરેલા કુલ ૯ લાખ ૫૭ હજાર આવાસમાંથી ૯ લાખ ૧૫ હજાર આવાસોની કામગીરી પૂર્ણ કરી હોવાની તેમણે વધુ વિગતો આપી હતી.**

---

## એસેટ સેફ્ટી મોનિટરીંગ પોર્ટલ:

**નાગરિકોની સલામતી તથા જાહેર મિલ્કતોના સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપીને સરકારે 'એસેટ સેફ્ટી મૉનિટરિંગ પોર્ટલ' અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય સાથે જ; હવે રાજ્યમાં હયાત રોડ, બ્રિજ, બિલ્ડિંગ સહિત તમામ સરકારી તેમજ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું રાજ્ય કક્ષાએથી ઇન્ટીગ્રેટેડ મૉનિટરિંગ થશે કે જેથી કોઈ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સામાન્ય પ્રજાની સલામતી માટે જોખમકારક ન બને. સરકારના આ નિર્ણય અંગે સામાન્ય વહિવટી વિભાગ (જીએડી) દ્વારા તાજેતરમાં એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ રાજ્યના રોડ, બ્રિજ, સરકારી ઇમારતો તથા અન્ય નાગરિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિત 1.50 લાખથી વધુ જાહેર સંપત્તિઓની હવે એક જ સેન્ટ્રલાઇઝ્ડ ડિજિટલ પ્લેટફૉર્મ પર નોંધણી થશે.**

---

## નગર પાલિકાઓમાં વહીવટદારની નિમણુંક:

**રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવા જઇ રહી છે. ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાય તે અગાઉ મુદત પૂરી થતી હોય તેવી 71 નગરપાલિકામાં રાજ્ય સરકારે વહિવટદારની નિમણૂંક કરવામાં આવી છે. રાજ્યની 71 નગરપાલિકાની મુદત માર્ચ 2026 એ પૂર્ણ થાય છે ત્યારે નગરપાલિકાના સૂચારુ સંચાલન માટે આ નિમણૂંક કરાઇ છે. નગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટાયેલી પાંખ ને બને ત્યાં સુધી વહીવટદાર કામગીરી બજાવશે.જે તે વિસ્તારના પ્રાંત ઓફિસરની વહિવટદાર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.**

ત્યારે કચ્છમાં ભુજ, અંજાર અને મુન્દ્રા, બારોઇ નગર પાલિકાઓમાં સંબંધિત પ્રાંત અધિકારીને જ્યારે માંડવી નગર પાલિકા માટે નખત્રાણા પ્રાંત અધિકારીને વહીવટદારની જવાબદારી સુપ્રત કરાઈ છે.

---

## જિલ્લાના ધોરમાર્ગ 754 કેનું નવીનીકરણ:

કચ્છ જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર **754K**નું **650** કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવીનીકરણ કરાશે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડીયા સંદેશમાં જણાવ્યા પ્રમાણે આશરે **165** કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર-**754K** પર લખપત-ગડુલી-ઝારા-હાજીપીર-ખાવડા-કંદવાન-ધોળાવીરા સેક્શનને પેવ્ડ શોલ્ડર સાથે દ્વિ માર્ગીય કરાશે.

જેનાથી કચ્છ જિલ્લામાં માર્ગ પરિવહન વધુ સુરક્ષિત અને સુગમ બનવાની સાથે આર્થિક અને પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ મળશે.

---

## ભુજ નગરપાલિકા સામાન્ય સભા:

ભુજ શહેરના વિકાસ માટે **2025-26**નું રિવાઇઝ્ડ બજેટ તથા વર્ષ **2026-27**નું અંદાજીત વાર્ષિક બજેટ મંજૂર કરવા માટે મળેલી ભુજ નગરપાલિકાની ખાસ સામાન્ય સભામાં પાલિકાએ ચાલુ વર્ષે **2025-26**ના સુધારેલા બજેટમાં કુલ અંદાજે **95** કરોડનો ખર્ચ અને આવનારા વર્ષે **2026-27**માં **148** કરોડનો ખર્ચ બતાવ્યો હતો. રિવાઇઝ્ડ બજેટ મુજબ વર્ષ **2025-26**ના અંતે આશરે રૂ. **62** કરોડ **51** લાખની પુરાંત દર્શાવાઈ છે.

---

## હવામાન:

રાજ્યભરમાં કાળઝાળ ગરમી શરૂ થઇ ગઇ છે... ગરમીને કારણે લોકો આકુળવ્યાકુળ થઇ રહ્યા છે. અસહ્ય ગરમીને કારણે જાહેર માર્ગો ઉપર લોકો નિકળવાનું ટાળી રહ્યાં છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી 16મી સુધી સમગ્ર રાજ્યમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. ગઈકાલે ભૂજ ખાતે 41 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતું.

---------------------------------------------------------------------------------------------------